# -: બોટાદ નગરપાલિકા- બોટાદ :-

બોટાદ નગરપાલિકાના કર્મચારીઓની ભરતી માટે મે.પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓની કચેરી, અમદાવાદ ઝોનના હુકમ ક્રમાંક:-RCMOAHM/0024/06/2024 તા.૨૬/૦૬/૨૦૨૪ દ્વારા નગરપાલિકાની વિવિધ શાખાઓની જગ્યા ભરવા મંજુરી આપેલ છે. અન્વયે નીચે જણાવેલ જગ્યાઓ ભરતી માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજી મંગાવવામાં આવે છે.

| ક્રમ | ભરવાપાત્ર જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | જાતિ | કક્ષાવાર જગ્યાઓ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | SC | ST | SEBC | EWS | GEN | કુલ | વિકલાંગ અનામત |
| 1 | મુકાદમ | ધોરણ-૧૦ પાસ અને ટુ-વ્હીલરના જાણકાર | ----- | 00 | 01 | 01 | 00 | 03 | 05 | - |
| 2 | સફાઈ કામદાર (સ્વીપર) | લખી વાંચી શકે તેવા | ----- | 01 | 06 | 10 | 04 | 15 | 36 | આ જગ્યાઓ પૈકી કુલ જગ્યા - ૦૨ (બે) |
| | | | સ્ત્રી | 00 | 02 | 03 | 01 | 05 | | |
| 3 | ક્લીનર | ધોરણ-૧૦ પાસ | ----- | 00 | 00 | 00 | 00 | 01 | 01 | - |
| 4 | ડ્રેનેજ સફાઈ કામદાર | લખી વાંચી શકે તેવા | ----- | 01 | 03 | 05 | 01 | 06 | 16 | - |
| | | | સ્ત્રી | 00 | 01 | 01 | 00 | 02 | | - |

શરતો:-

1) સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૬/૫૭/ઝ-૧ તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવ અન્વયે સીધી ભરતીથી નિમણુંક કરવા અંગે પ્રથમ ૫ (પાંચ) વર્ષના સમયગાળા માટે ફિક્સ પગારથી અજમાયશી તરીકે નિમણુંક આપવામાં આવશે.

2) બિન અનામત કેટગરીના ઉમેદવાર માટે ઉંમર ૧૮ થી ૩૩ વર્ષ રહેશે. જેમાં અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સા.શૈ.પ.વ. તથા સ્ત્રી ઉમેદવારોને સરકારશ્રીના તથા બોટાદ નગરપાલિકાના ભરતી-બઢતીના નિયમો પ્રમાણે છુટછાટ આપવામાં આવશે. વયમર્યાદાની તારીખ જાહેરાત પ્રસિધ્ધ થયેથી ગણવામાં આવશે.

3) ઉપરોક્ત સંવર્ગ માટે અરજી સાથે બિનઅનામત વર્ગના અરજદારે રૂા.૩૦૦/- **ચીફ ઓફીસર બોટાદ નગરપાલિકા, બોટાદ**ના નામના ડિમાન્ડ ડ્રાફ્ટ તથા પોસ્ટલ ઓર્ડરથી મોકલવાના રહેશે. અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ તથા સામાજીક શૈક્ષણિક પછાતવર્ગના તથા આર્થિક નબળા વર્ગના ઉમેદવારે પણ કોઈ ફી ભરવાની રહેશે નહિં.

4) અરજી કવર ઉપર અરજી કરેલ જગ્યાનું નામ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

5) નિયામકશ્રી, નગરપાલિકા ગુજરાત રાજ્ય ગાંધીનગરના તા.૦૩/૦૮/૨૦૦૪ના પરિપત્ર તેમજ અમરેલી નગરપાલિકાના સ્પે.સી.એ.નં.૫૭૪૬/૧૯૯૯ ના હાઈકોર્ટના ચુકાદાને આધીન નગરપાલિકા ખાતે રોજમદાર તરીકે ફરજ બજાવેલ કર્મચારીઓને મળવા પાત્ર લાભો આપવામાં આવશે.

6) આ જાહેરાત પ્રસિદ્ધ થયા અગાઉની અરજીઓ તથા નિયત સમય મર્યાદા બાદ આવેલ અરજીઓ તેમજ અધુરી વિગતો દર્શાવતી અરજીઓ માન્ય ગણવામાં આવશે નહિ. ઈન્ટરવ્યુમાં સ્વ ખર્ચે હાજર થવાનું રહેશે.

7) અરજદારોએ નિયત અરજી ફોર્મ ભરી ફક્ત આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ (ત્રીસ) સુધીમાં બોટાદ નગરપાલિકા કચેરીને મળે તે રીતે મોકલવાનું રહેશે. ત્યારબાદ આવેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિ તથા તે અંગે કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહિં.

8) ભરતી પ્રક્રિયામાં - મૌખિક ઈન્ટરવ્યુંના આધારે સ્ટાફ પસંદગી સમિતિ દ્વારા ઉમેદવારોની પસંદગી કરશે. ભરતી પ્રક્રિયા અંગે અબાદિત અધિકાર બોટાદ નગરપાલિકાને રહેશે.

9) અરજી સાથે ખોટા આધાર પુરા સામેલ રાખનાર સામે ફોજદારી રાહે કાર્યવાહી કરવામાં આવશે અને એવા ઉમેદવારોની અરજી ધ્યાને લેવામાં આવશે નહિ.

10) આ જગ્યાઓ પ્રવર્તમાન રોસ્ટર/અનામત અંગેની જોગવાઈઓ ધ્યાને રાખીને જગ્યાઓ ભરવામાં આવશે.

11) અરજીનો નમુનો બોટાદ નગરપાલિકા કચેરી ખાતેથી અથવા https://botadnagarpalika.org/પરથી મેળવી લેવાનો રહેશે. નિયત નમુના સિવાયની અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિં.

12) અરજી મોકલવાનું સરનામું - ચીફ ઓફિસરશ્રી, બોટાદ નગરપાલિકા, રેલ્વે સ્ટેશન સામે, બોટાદ પીન - ૩૬૪૭૧૦

જાવક નં.-૧૨૭૭ તા.૨૬/૦૭/૨૦૨૪

(પી.જી.ગોસ્વામી)
ચીફ ઓફીસર
બોટાદ નગરપાલિકા

(ડી.કે.મજેતર)
વહીવટદાર
બોટાદ નગરપાલિકા

અરજી ફોર્મ વિનામુલ્યે

# બોટાદ નગરપાલિકા

## ............................ની જગ્યા પર ઉમેદવારી નોંધાવવાનું અરજી ફોર્મ

| |
|---|
| તાજેતરનો રંગીન<br>પાસપોર્ટ<br>સાઈઝનો ફોટા |

પ્રતિ
ચીફ ઓફીસરશ્રી
બોટાદ નગરપાલિકા

વિષય - ...............................ની જગ્યા પર ઉમેદવારી નોંધાવવા બાબત.
સંદર્ભ - બોટાદ નગરપાલિકાની જાહેરાત ક્રમાંક: ૧૨૭૭ તા.૨૬/૦૭/૨૦૨૪

ઉમેદવાર નું પુરુ નામ - ..........................................................................................
હાલનું સરનામું - ..........................................................................................
જન્મ તારીખ - ..........................................................................................
મોબાઈલ નંબર- ..........................................................................................
કેટેગરી - GENERAL / EWS / SEBC / SC / ST
ફી ની વિગત – રકમ ................ ડિમાન્ડ ડ્રાફ્ટ નં. ........................ બેંકનું નામ- ......................................

**મારી શૈક્ષણિક અને અન્ય લાયકાત નીચે મુજબ છે.**

| શૈક્ષણિક લાયકાત | પરીક્ષા પાસ કર્યાનું વર્ષ | બોર્ડ/ યુનિ.નું નામ | ટકા / ગ્રેડ |
|---|---|---|---|
| ધોરણ - ૧૦ | | | |
| ધોરણ - ૧૨ | | | |
| સ્નાતક | | | |
| અનુ સ્નાતક | | | |
| અન્ય | | | |

**-: અનુભવ : -**

| સંસ્થાનું નામ | હોદો | તારીખ થી તારીખ | કુલ અનુભવ વર્ષ |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |

**બાંહેધરી**

આથી હું ...................................................... ગામ ...................... તાલુકો ................. જિ. ............................ ખાત્રી આપુ છું કે ઉપર જણાવેલ તમામ હકીકતો મારી જાણ મુજબ સાચી અને ખરી છે. ઉપરોકત માહિતી જો ખોટી જણાશે તો મારી ઉમેદવારી આપોઆપ રદ ગણાશે.

તારીખ - / /૨૦૨૪

ઉમેદવારની સહી.
.................................

**બિડાણની વિગત -**

1) શાળા છોડયાનું પ્રમાણપત્ર
2) ધોરણ - ૧૦ ની માર્કશીટ
3) ધોરણ - ૧૨ની માર્કશીટ
4) સ્નાતકની માર્કશીટ
5) ડીગ્રી પ્રમાણપત્રની નકલ
6) જાતિનો દાખલો
7) અનુભવના પ્રમાણપત્રો
8) અનુ.સ્નાતકની માર્કશીટ
9) ડીમાન્ડ ડ્રાફ્ટ
10) અન્ય

**નોંધ:- ઉપરના તમામ પ્રમાણપત્રો સ્વ-પ્રમાણિત કરી બિડવાના રહેશે.**